| GJPM170017862020 | દાખલ થયા તારીખ | : | ૦૯/૧૦/૨૦૨૦ | | |
|---|---|---|---|---|---|
| | રજુ થયા તારીખ | : | ૦૯/૧૦/૨૦૨૦ | | |
| | ફેંસલ થયા તારીખ | : | ૧૦/૦૨/૨૦૨૩ | | |
| | સમય ગાળો. | | વર્ષ. | માસ | દિવસ |
| | | | ૦૨ | ૦૪ | ૦૧ |

**Exh :- 107**

**FORM - A**

| IN THE COURT OF 3rd ADDITIONAL SESSIONS JUDGE PANCHMAHALS AT HALOL<br>[Date of Judgment :- 10/02 /2023]<br>**[ CRI.Case No. 19/2020 ]**<br>(Details of FIR/Crime and Police Station)<br>HALOL RURAL PO.ST. F.I.R NO.11207079200119/2020<br>I.P.C.SECTION : 302,201,114 | |
|---|---|
| Complainant | શ્રી સરકાર |
| REPRESENTED BY | વિ.આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર શ્રી આર.ડી.શુકલ. |
| ACCUSED | (૧)ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક,<br>ઉ.વ.૫૩,ધંધો: ખેતી.<br>(૨)સુમિત્રાબેન ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક,<br>ઉ.વ.૪૮, ધંધો : ઘરકામ.<br>(૩)હર્ષદભાઈ અશ્વીનભાઈ નાયક,<br>ઉ.વ.૨૦, ધંધો: ખેતી.<br>**(આંક–૪૭ ના હુકમ અન્વયે આરોપી નં.૩ ને દાખલ કર્યા )** |

| | |
|---|---|
| | તમામ રહે.કંજરીના ફળીયા ધનપુરી, તા.હાલોલ,જી.પંચમહાલ. |
| REPRESENTED BY | આરોપી નં.૧,૨ તર્ફે વિ.વ.શ્રી પી.એન.પરમાર.<br>આરોપી નં.૩ તર્ફે વિ.વ.શ્રી જે.પી.પરમાર. |

**FORM - B**

| | |
|---|---|
| Date of Offence | 24/03/2020 |
| Date of FIR | 26/03/2020 |
| Date of Chargesheet | 18/06/2020 |
| Date of Framing of Charges | 16/12/2020 |
| Date of commencement of evidence | 29/06/2021 |
| Date on which judgment is reserved | 18/01/2023 |
| Date of the Judgment | 10/02/2023 |
| Date of the Sentencing Order, if any | -- |

**Accused Details :**

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Udesingh Abhesing Nayak | 27-03-2020 | 06-11-20 | I.P.C 302, 201, 114 | Acquitted | | 7 Month 10 Days |
| 2 | Sumitraben Abhesing Nayak | 27-03-2020 | 21-08-20 | " | Acquitted | | 4 Month 25 Days |
| 3 | Harshad Abhesing Nayak (ex-47 ) | | | | Acquitted | | |

## FORM - C

## LIST OF PROSECUTION / DEFENCE / COURT WITNESSES
## A. Prosecution

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESSES) |
|---|---|---|
| PW1 | પ્રવિણભાઈ બાબુભાઈ નાયક(આંક–૨૨) | ફરીયાદી. |
| PW2 | જીતેન્દ્રકુમાર મગનલાલ ભગત(આં–૨૪ | રીકવરી પંચનામાના પંચ સાહેદ. |
| PW3 | સતિષકુમાર ડાહયાભાઈ બારીયા (આં–૩૨ | '' '' '' |
| PW4 | સગીર સાહેદ પાયલબેન તે અશોકભાઈ છત્રસિંહ નાયકની દીકરી (આંક–૩૩) | સોહદ. |
| PW5 | તુલસીબેન ઉદેસીંગભાઈ નાયક(આંક–૪૪ | સાહેદ |
| PW6 | **હર્ષદભાઈ અશ્વીનભાઈ નાયક (આંક–૪૫)** | **(આંક–૪૭ ના હુકમથી આરોપી તરીકે જોડેલા હોઈ પુરાવો મુલત્વી રાખેલ છે.** |
| PW7 | જતીનભાઈ રણછોડભાઈ પરમાર(આં–૪૬ | સાહેદ |
| PW8 | ધરતીબેન દિપકભાઈ પટેલ(આંક–૫૫) | સાહેદ |
| PW9 | સરસ્વતીબેન મુકેશભાઈ નાયક(આંક–૬૨ | સાહેદ |
| PW10 | મુકેશભાઈ ચંદુભાઈ નાયક(આંક–૬૩) | સાહેદ |
| PW11 | મીનાબેન વિક્રમભાઈ નાયક(આંક–૬૯) | સાહેદ |
| PW12 | વિક્રમભાઈ નરવતભાઈ નાયક(આંક–૬૯ | સાહેદ |
| PW13 | મેહુલભાઈ વિનોદભાઈ નાયક(આંક–૭૧) | સાહેદ |
| PW14 | અજીતકુમાર વલસીંગભાઈ રાઠવા(આં–૭૨ | સાહેદ |
| PW15 | રાકેશકુમાર ડાહયાભાઈ પટેલ(આંક–૭૪ | સાહેદ |
| PW16 | પંકજકુમાર કનુભાઈ પટેલ(આંક–૭૬) | સાયન્ટીફીક ઓફીસર સાહેદ. |
| PW17 | પ્રભાતસિંહ ફતેસિંહ જાદવ(આંક–૭૯) | એકઝી.મેજી. સાહેદ. |

| | | |
|---|---|---|
| PW18 | ડો.અશોકકુમાર ત્રિભોવનપ્રસાદ સિન્હા આંક–૮૨ | ડોકટર સાહેદ. |
| PW19 | અર્પિતા હર્ષ જાની (આંક–૮૬) | એફ.એસ.એલ.અધિ.સાહેદ. |
| PW20 | મનીષ ઝીણાભાઈ પટેલ(આંક–૮૮) | ત.ક.અ. સાહેદ. |
| PW21 | રમેશભાઈ ચંદ્રસિંહ બારીયા(આંક–૧૦૧) | પી.એસ.ઓ. સાહેદ. |

**B. Defence Witnesses, if any:**

| **RANK** | **NAME** | **NATURE OF EVIDENCE**<br><br>(EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESSES) |
|---|---|---|
| DW1 | -- | -- |
| DW2 | -- | -- |

**C. Court Witnesses, if any :**

| **RANK** | **NAME** | **NATURE OF EVIDENCE**<br><br>(EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESSES) |
|---|---|---|
| CW 1 | -- | -- |
| CW 2 | -- | -- |

**LIST OF PROSECUTION / DEFENCE / COURT EXHIBITS**

**A. Prosecution:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1. | Exhibit-23/PW 1 | ફરીયાદ. |
| 2. | Exhibit-25/PW 2-3 | રીકવરી પંચનામુ. |
| 3. | Exhibit-26-28/PW 2-3 | પંચોની સહીઓ વાળી કાપલીઓ. |
| 4. | Exhibit-29/PW | ઈન્કવેસ્ટ પંચનામુ. |
| 5. | Exhibit-34/PW 4 | કવરીંગ લટર |
| 6. | Exhibit-35/PW 4 | બંધ હાલતનુ ખાલી કવર. |
| 7. | Exhibit-36/PW 4 | ૧૬૪ નુ નિવેદન નીકળેલ તે કવર. |
| 8. | Exhibit-37/PW 4 | ૧૬૪ મુજબ નુ નિવેદન. |
| 9. | Exhibit-39 /PW | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ. |
| 10. | Exhibit-40/PW | મરણજનારના કપડા રીકવર કર્યાનુ પંચનામુ |
| 13. | Exhibit-41/PW | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ. |
| 14. | Exhibit-77/PW 16 | સાયન્ટીફીક ઓફીસરનો રીપોર્ટ. |
| 15. | Exhibit-78/PW 16 | પરીક્ષણ અહેવાલ. |
| 16. | Exhibit-80/PW 17 | ઈન્કવેસ્ટ ભરવા કરેલ યાદી. |
| 17. | Exhibit-83/PW 18 | ગુજરનારની પી.એમ.નોટ. |
| 18. | Exhibit-84/PW 18 | કોઝ ઓફ ડેથ સર્ટિ. |
| 19. | Exhibit-85/PW 18 | પો.સ.ઈ.એ પી.એમ.નોટ માટે લખેલ યાદી. |
| 20. | Exhibit-87/PW 19 | કવરીંગ લેટર,બાયલોજી અહેવાલ તથા સીરોલોજી અહેવાલ(સંયુકત આંક) |
| 21. | Exhibit-89/PW 20 | મરણોત્તર રીપોર્ટ. |
| 22. | Exhibit-90/PW 20 | લાશ સોંપ્યાની પાવતી. |
| 23. | Exhibit-91/PW 20 | નકશો બનાવવા એકઝી.મેજી.ને કરેલયાદી. |
| 24. | Exhibit-92/PW 20 | ફોરવર્ડીંગ પત્ર તથા અસલ નકશો. |
| 25. | Exhibit-93/PW 20 | ૧૬૪ નુ નિવેદન લેવા કરેલ યાદી. |
| 26. | Exhibit-94/PW 20 | મુ.મા.એફ.એસ.એલ.ને મળ્યાની પહોંચ. |

| | | |
|---|---|---|
| 27. | Exhibit-95/PW 20 | મુ.મા.રવાનગી નોંધ તથા સત્તાનુ પ્ર.પત્ર. |
| 28. | Exhibit-96/PW 20 | ટેલીફોન વર્ધી. |
| 29. | Exhibit-97/PW 20 | મુ.મા.એફ.એસ.એલ. સુરતને મળ્યાની પહોંચ. |
| 30. | Exhibit-98/PW 20 | મુ.મા.રવાનગી નોંધ તથા સત્તાનુ પ્ર.પત્ર. |
| 31. | Exhibit-99/PW 20 | સી.ડી.આર. |
| 32. | Exhibit-100/PW 20 | કોલ ડીટેઈલ. |
| 33. | Exhibit-102/PW 21 | તપાસ ડેપ્યુટ હુકમ. |
| 34. | Exhibit-103/PW 21 | સૂચિપત્ર. |
| 35. | Exhibit-104/PW 21 | જાહેરાત નં.૬/૨૦ નો ત.ડે. હુકમ. |
| 36. | Exhibit-105/PW 21 | સૂચિપત્ર. |
| 37. | Exhibit-106/PW 21 | જાહેરાત. |

**B. Defence:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit D-1/DW 1 | -- |
| 2. | Exhibit D-2/DW 2 | -- |

**C. Court Exhibits:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1. | Exhibit C-1/CW 1 | -- |
| 2. | Exhibit C-2/CW 2 | -- |

**D. Material Objects:**

| Sr. No. | Material Object Number | Description |
|---|---|---|
| 1. | MO 1 EX-108 | CLOSING PURSIS. |
| 2. | MO 2 EX- | —— |

## :: ચુકાદો ::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા.૨૬–૦૩–૨૦૨૦ નારોજ ફરીયાદી પ્રવિણભાઈ બાબુભાઈ નાયક ,રહે. પ્રેમ એસ્ટેટ સાગર સોસાયટી, ગોધરા રોડ, હાલોલ મુળ રહે. ધારીયા ગામ, તા.હાલોલ જી. પંચમહાલ નાઓએ એમ.ઝેડ.પટેલ,પોલીસ ઈન્સપેકટર હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન રુબરુ આવી પોતાની ફરીયાદ હકીકત લખાવેલ કે, :–

હું ઉપરના બતાવેલ સરનામે રહુ છુ અને હાલોલ યુવરાજ હોટલની બાજુમાં આવેલ પંચમહાલ ફાર્માસ્યુટીકલ પ્રોડકટની જથ્થાબંધ દુકાનમાં નોકરી કરુ છુ અને મારુ ગુજરાન ચલાવુ છું. અમે ત્રણ ભાઈ બહેન છીએ જેમાં સૌથી મોટી સુમિત્રાબેન છે જેને કંજરી ગામે ધનપરી ફળીયામાં ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક સાથે પરણાવેલછે તેના પછીની સવિતાબેન છે જેને કપડવંજ બાજુ પરણાવેલ છે અને સૌથી નાનો હું છુ મારી બેન સુમિત્રાને સંતાનમાં છ બાળકો છે જેમાં સૌથી મોટી મીના છે જેને સુરા ગામે પરણાવેલ છે તેના પછીની ધરતીબેન છે જેને કપડવંજથી આગળ નિર્મલા ગામે પરણાવેલ છે તેના પછીની સુનિતાબેન હતી જેની ઉમર ૧૮ વર્ષની છે તેના પછીનો ભાવીકભાઈ તેના પછીની તુલસીબેન છે અને સૌથી નાનો આકાશ છે.

આજરોજ આપ સાહેબ અને મારા બનેવી ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ ઉર્ફે અદેસીંગભાઈ નાયકનાઓએ તા. ૨૪–૦૩–૨૦૨૦ નારોજ અહીં હાલોલ રુરલ પોલીસ સ્ટેશનમાં મારી ભાણેજ સુનિતાબેન તે ઉદેસીંગભાઈ અભેસીંગભાઈની ઉર્ફે અદેસીંગભાઈ નાયક ઉ.વ. ૧૮ નાની સાંજના સાડા ચાર વાગ્યે તેના ઘરેથી સંડાસ કરવા ચારેક વાગે હાથમાં પાણીનુ ચમ્બુ લઈને ગયેલી હતી અને નહિં આવતા તેની શોધખોળ કરવા મારા બનેવી ઉદેસીંગભાઈ તથા ભાણેજ ભાવીકભાઈ તથા ધરતીબેન તેમજ તેમની બેન સરસ્વતીબેન નાઓ શોધખોળ કરતા કરતા કોતર બાજુ ગયેલા અને મારી ભાણેજ સુનીતાબેન નાની તેના ઘરથી અડધો કીલોમીટર કોતરમાં છતી હાલતમાં પડેલ મળી આવેલ હતી જેને ૧૦૮ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલમાં લઈ ગયેલા જે બાબતે મારા બનેવીએ જાહેરાત આપેલ હતી.

ગઈ કાલ રોજ મારી ભાણેજ સુનિતાબેન તે ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક ની દીકરી ઉ.વ.૧૮ નાની ની લાશનુ હાલોલ રેફરલ હોસ્પિટલમાં પેનલ ડોકટરથી પી.એમ. કરાવવામાં આવેલ અને લાશનુ પી.એમ. થયા પછી લાશની અંતિમ વિધિ કરવામાં આવેલ અને આજરોજ આપ સાહેબે મને અહીં પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને મારી ભાણેજ સુનિતાબેન નુ મોત તેનુ ગળુ દબાવવાથી થયેલ છે તેવુ ડોકટર સાહેબે મોતનુ કારણ આપેલ છે અને મારી ભાણેજ નુ ખુન થયેલ છે.

હું ગઈ કાલ રોજ મારી ભાણેજની અંતિમ સંસ્કાર કરવા માટે ગયેલ તે વખતે મને જાણવા મળેલ કે મારી ભાણેજ સુનિતાબેન ઉદેસીંગભાઈ નાયકની તેમના કંજરી ધનપુરી ફળીયામાં રહેતા છોકરા હર્ષદભાઈ અશ્વીનભાઈ નાયક સાથે છેલ્લા બે વર્ષથી પ્રેમ સબંધ રાખતી હતી જેની મારા બેન બનેવીને ખબર હતી અને સાંજના આશરે ચારેક વાગ્યે મારી ભાણેજ સુનીતાને ભાણેજ ભાવીક સાથે બોલાચાલી થયેલી હતી અને ભાવીક મારા બનેવી ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક તથા મારી બેન સુમિત્રાબેન ને કહેતો હતો કે આને તમો પરણાવી દો તે પછી ભાણેજ સુનિતા ઘરમા હતી અને સાંજના સાડા ચારેક વાગ્યે મારા બનેવી કોતર બાજુથી ઉંચકીને લાવેલા હતા તેવી હકીકત મને જાણવા મળેલ અને મેં મારા બેન બનેવીને પુછતા તેમણે મને ફકત સુનિતા હાથમાં પાણીનુ ચમ્બુ લઈને કોતર બાજુ ગયેલી હતી અને અડધો કલાક થયો તેમ છતા નહિં આવતા તેને અમો શોધવા ગયેલ હતા અને કોતરમાં મરણ ગયેલ હાલતમાં પડેલ હતી તેવી વાત કરેલ હતી અને વ્યવસ્થિત જવાબ આપતા ન હતા જેથી આ મરણજનાર મારી ભાણેજ સુનિતાબેન ને મારા બનેવી ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક તથા બેન સુમિત્રાબેન ઉદેસીંગભાઈ નાયકનાઓએ મળીને કોઈ અજ્ઞાત જગ્યાએ લઈ જઈ દોરડા વડે અગર હાથથી ગળુ દબાવી મોત નીપજાવી ખુન કરેલ હોવાનો મને પાકો શક છે જેથી આ બાબતે તપાસ થવા મારી ફરીયાદ છે. મારા સાહેદો મારી ફરીયાદમાં જણાવેલ માણસો તથા પોલીસ તપાસમાં નીકળે તે વિગેરે છે.

એટલી મારી ફરીયાદ હકીકત મારા લખાવ્યા મુજબ ની બરાબર અને ખરી છે.''

જે ફરીયાદીની ફરીયાદના આધારે હાલોલ રૂરલ પો.સ્ટે. એ–પાર્ટ ગુ.ર.નં.૧૧ ૨૦૭૦૭૯૨૦૦૧૧૯/૨૦૨૦ થી ઈ.પી.કોડની કલમ–૩૦૨,૨૦૧,૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ પંચોની હાજરીમાં જરુરી પંચનામાઓ કરી,પી.એમ.નોટ મેળવી અન્ય જરુરી દસ્તાવેજી પુરાવાઓ મેળવી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા પ્રથમ આરોપી નં.૧,૨ વિરુધ્ધ હાલોલના વિ.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં ઈ.પી.કોડની કલમ–૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ રજુ કરેલ જે વિ.એડી.ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં ક્રિ.કેસ નં.૭૪૦/૨૦૨૦ થી નોંધવામાં આવેલ. આરોપી વિરુધ્ધના સદર ગુન્હાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સેશન્સ કોર્ટને હોઈ વિ.એડી.ચીફ જયુડી. મેજી. સાહેબનાઓએ આરોપીને ચાર્જશીટ તથા તપાસનાં તમામ પેપર્સ ની નકલો વિના મુલ્યે આપી ઉપરોકત ક્રિમીનલ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ હેઠળ તા.૨૮–૦૯–૨૦૨૦ નારોજ સેશન્સ કોર્ટ હાલોલ ખાતે કમીટ હુકમથી કમીટ કરેલ જે અત્રે હાલોલ ની સેશન્સ અદાલત ખાતે ક્રિમીનલ કેસ રજીસ્ટરે સેશન્સ કેસ નંબર :૧૯/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે.

(૨) આરોપીઓને ધોરણસર સમન્સ બજતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો. કોડ કલમ–૨૨૮(૧) અન્વયે આંક–૧૭ થી આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૨, ૨૦૧,૧૧૪ મુજબનાં ગુન્હાનુ તહોમતનામુ ફરમાવી આરોપી નં.૧,૨ ને આ તહોમતનામુ ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૨૮(૨) અન્વયે વાંચી સંભળાવી ,સમજાવતા આરોપી નં.૧,૨ ના એ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબના આરોપી નં.૧,૨ ના જવાબ આંક–૧૮,૧૯ થી નોંધવામાં આવેલ છે અને આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**સદર ગુન્હાની ચાલુ ટ્રાયલ દરમ્યાન ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક–૪૭ થી અરજી આપી સાહેદ હર્ષદભાઈ અશ્વીનભાઈ નાયક ઉર્ફે રોહીતભાઈ નાયક રહે. કંજરી ફળીયા ધનપુરી, તા.હાલોલ નાઓ સાથે મરણજનાર સુનીતા**

**છેલ્લે જોવા મળેલ અને ત્યારબાદ તેણી મરણ ગયેલ હાલતમાં મળી આવેલ છે જેથી ચાર્જશીટમાં રજુ થયેલ તમામ પેપર જોતા સદરહુ સાહેદ હર્ષદભાઈ અશ્વીનભાઈ નાયક સામે પ્રથમદર્શનીય કેસ હોવાનો પુરાવો જણાઈ આવતો હોઈ તેઓને આ કામે આરોપી તરીકે જોડવા હુકમ કરવા અરજ ગુજારતા તે અરજી મંજુર કરી સદર અરજી હેઠળ તા. ૨૩–૦૩–૨૦૨૨ નારોજ હુકમ કરી હર્ષદભાઈ અશ્વીનભાઈ નાયક ને હાલના કામે આરોપી નં.૩ તરીકે જોડવાનો હુકમ કરતા તેઓને હાલના કામે આરોપી તરીકે જોડવામાં આવેલા છે. અને તેઓ સામે ગુન્હાનુ તહોમતનામુ ફરમાવી આંક–પર થી આરોપી ની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે.**

(૩) સદર કેસના નિર્ણય માટે મારે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવા જરુરી બને છે.

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓ તથા કોલમ નં.૨ માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક ભાવીક ઉર્ફે ભાવલો ઉદેસિંહ અભેસિંહ નાયક નાઓએ તા.૨૪–૩–૨૦૨૦ નારોજ ૧૬–૦૦ કલાકે મોજે : કંજરીનુ ફળીયુ ધનપુરી ગામે મરણજનાર સુનીતાબેન તે ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ ઉર્ફે અદેસીંગભાઈ નાયક ની દીકરી પોતાના ઘરની સામે સાહેદ પાયલબેન પાસે બેઠી હતી ત્યાં આરોપી સુમિત્રાબેને જઈને તુ અહીં કેમ બેઠેલ છે તેમ કહીને પોતાના ઘરે લઈ ગયેલ ત્યાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે આ સુનિતાને તમો પરણાવી દો તેમ કહી મરણજનાર સાથે બોલાચાલી થયેલ અને કલાક: ૧૭–૩૦ વાગ્યા પછી મરણજનાર પોતાના ફળીયાના છોકરા સાહેદ હર્ષદ અશ્વીનભાઈ નાયક સાથે પ્રેમ સબંધ રાખતી હોઈ તે સાહેદ હર્ષદ તથા તેનો મિત્ર સાહેદ જતીન સાથે આરોપીઓના ઘર આગળથી નીકળીને કોતર બાજુ જતા સાહેદ હર્ષદને આરોપીઓએ જોયેલ થોડીવારમાં મરણજનાર પણ હાથમાં પાણીનુ ચમ્બુ લઈને સંડાસ કરવા જવા નીકળેલ જે સાહેદ હર્ષદ સાથે કોતરમાં ઉભી ઉભી વાતો કરતી હતી તે આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક એમ ત્રણે જણા જોઈ જતા મરણજનાર કોતરમાં આવેલ

તાડના ઝાડ નીચે ડુંગામાં ભરાઈ ગયેલ તેને આરોપી સુમિત્રાબેન તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે પકડી રાખેલ તેમજ આરોપી ઉદેસીંગ અભેસીંગ નાયકે મરણજનાર નુ ગળુ દબાવી રાખી તેમજ દોરડા વડે ગળાના ભાગે ટુંપો દઈ મારી નાખી મોત નીપજાવી લાશને ડુંગામાં આવેલ તાડના પાઠા સાથે ગળામાં બાંધી કોઈ અગમ્ય કારણોસર મરણ ગયેલ છે તેવુ જાહેર કરી પોતે ખુન કરેલાની હકીકત છુપાવી તથા પુરાવાનો નાશ કરી એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૩૦૨,૨૦૧, સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :–નકારમાં.

મુદ્દા નં.૨ :–આખરી હુકમ મુજબ.

**(૫)** આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ હેઠળ ફરીયાદ પક્ષનો પુરાવો આરોપીની રુબરુમાં નોંધવામાં આવેલો. ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ઉપર ફોર્મ–''સી''માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**(૬)** ફરીયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી ધ્વારા ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી હકીકત મૌખિકથી જાહેર કરેલી છે જેથી ફરીયાદ પક્ષ તરફથી ઉપર રજુ થયેલ પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ થઈ શકેલ નથી. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડ ક.૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નહિં હોવાનુ તથા બચાવના સાક્ષી તપાસવા માંગતા નહિં હોવાનુ જણાવી વિશેષમાં '' અમોએ કોઈ આવો ગુન્હો કરેલો નથી જેથી અમો ઉપર દયા કરીને નિર્દોષ છોડી મુકવા માટે નમ્ર અરજ છે '' તેવી હકીકત જણાવેલ

છે.આમ, આરોપીઓ તરફે આ કામમાં કોઈ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ સરકારશ્રી તરફે વિ.એ.જી.પી.શ્રી આર.ડી.શુકલ ધ્વારા તથા આરોપી નં.૧,૨ તર્ફે વિ.વ.શ્રી પી.એન.પરમાર તથા આરોપી નં.૩ તર્ફે વિ.વ.શ્રી જે.પી.પરમાર ધ્વારા કરવામાં આવેલી મૌખિક દલીલો સાંભળવામાં આવી.

**(૭) સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રી આર.ડી.શુકલ નાઓ ધ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક.૩૦૨,૨૦૧,૧૧૪ મુજબ નાં ગુન્હાનો આક્ષેપ છે અને સદર આક્ષેપ અનુસંધાને આરોપીઓ વિરુધ્ધ આંક–૧૭ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. અને સદર ફરમાવેલ તહોમત પુરવાર કરવા** ફરીયાદ પક્ષે કુલ–૨૧ સાહેદો તપાસી કુલ–૩૭ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.સાહેદ પ્રવિણભાઈ બાબુભાઈ નાયક નાઓએ બનાવની ફરીયાદ આપેલી છે. ફરીયાદી એ સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સબંધે ફરીયાદ આપી હોવાની હકીકત જણાવી ફરીયાદમાની પોતાની સહી ઓળખી બતાવતા ફરીયાદ ફરીયાદી સાહેદના પુરાવામાં આંક–૨૩ થી રજુ થયેલી છે.

સદર કામે ફરીયાદ પક્ષે તપાસેલા પંચ સાહેદોએ પંચનામાને સમર્થનકારી હકીકતો જણાવેલી નહીં હોવાથી પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે પરંતુ સાહેદોએ પંચનામામાં પોતાની સહીઓ હોવાની હકીકત ને સમર્થન આપેલ છે તેમજ સદર કામના ત.ક.અ. સાહેદે પણ પંચનામા પંચ સાહેદોની હાજરીમાં કરેલ હોવાની હકીકત ને સમર્થન આપેલ છે ત્યારે રજુ થયેલા પંચનામા પણ ફરીયાદ પક્ષે પુરવાર કરેલા છે જે નહિં માનવા ને કોઈ કારણ નથી.

ફરીયાદ પક્ષે ફરીયાદી તથા અન્ય તમામ સ્વતંત્ર સાહેદો કે જેઓ તમામ ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ સાહેદોના પુરાવા જોતા સાહેદોએ સદર કામના ગુજરી જનાર સાહેદ સુનીતાબેન નુ મોત નીપજેલ હોવાની ફરીયાદની હકીકતો ને સાહેદોએ પુરાવાથી સમર્થન આપેલ છે તેમજ સદર કામના ત.ક.અ. સાહેદ સમક્ષ સદર સોહદોએ પોતાના નિવેદનમાં

જે હકીકતો લખાવેલી તે તમામ હકીકતોને ત.ક.અ. સાહેદે પોતાના પુરાવાથી સમર્થનઆપેલ છે ત્યારે પણ સાહેદોનો પુરાવો નહિં માનવા ને કોઈ કારણ નથી અને ફરીયાદ પક્ષના સદર સાહેદોના પુરાવાથી સદર કામની ગુજરી જનાર સાહેદ સુનિતાબેન નુ મોત નીપજેલ હોવાનુ પુરવાર થાય છે.

તેજ રીતે સ્થળ ઉપરનો પરીક્ષણ રીપોર્ટ તૈયાર કરનાર સાયન્ટીફીક ઓફીસર પંકજ કનુભાઈ પટેલ ને ફરીયાદ પક્ષે આંક–૭૬ થી તપાસેલા છે સદર સાહેદે પણ પોતાની ફરજ દરમ્યાન કરેલી કામગીરીને સમર્થન આપી સ્થળ પરીક્ષણ અંગેનો રીપોર્ટ તથા સ્થળ પરિક્ષણ અહેવાલ આંક–૭૭,૭૮ થી પોતાના પુરાવામાં રજુ કરેલો છે જે નહિં માનવા ને કારણ નથી. તેમજ ફરીયાદ પક્ષે આંક–૮૬ થી સાહેદ અર્પિતા જાની સાયન્ટીફીક ઓફીસર કે જેઓને નમુનાનુ પૃથ્થકરણ કરેલ છે તેઓને તપાસેલા છે જેઓએ પણ સદર કામના લીધેલા નમુનાઓનુ પૃથ્થકરણ કરી પોતાનો રીપોર્ટ તૈયાર કરેલો હોવાની હકીકત ને સમર્થન આપી આંક–૮૭ થી બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ રજુ કરેલો છે જે રીપોર્ટ જોતા ગુન્હાના કામે સાહેદ સમક્ષ જે નમુનાઓ મોકલવામાં આવેલા તે નમુનાઓ પૈકી નમુના એ માં દર્શાવેલ નમુનો એ/૧–ટોપ કાળાકલરનુ ડીઝાઈનવાળુ નેટવાળુ કપાયેલુ ટોપ જેના ઉપર રુધીર મળેલ હતુ તેમજ નમુનો સી–શર્ટ ઉપરથી રુધિર મળેલ હોવાનુ મળી આવેલ છે તે જોતા તે પુરાવાથી ફરીયાદની હકીકતો ને સમર્થન મળી આવે છે અને તે પુરાવો નહિં માનવા ને કારણ નથી. તેજ રીતે ફરીયાદ પક્ષે આંક–૭૯ થી તપાસેલા એકઝી.મેજી.હાલોલ સાહેદ પ્રભાત સિંહ ફતેસિંહ જાદવ નાઓએ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો ને સમર્થન આપેલ છે જેનાથી પણ ગુજરનાર સુનીતાબેન નુ મોત નીપજેલ હોવાની હકીકત ને સમર્થન મળી આવે છે જેથી સાહેદનો પુરાવો નહિં માનવા ને કોઈ કારણ નથી. તે બાદ ફરીયાદ પક્ષે ગુજરનારની લાશનુ ડો. અશોકકુમાર ત્રિભોવનપ્રસાદ સિન્હા ધ્વારા પી.એમ. કરવામાં આવેલ છે અને સાહેદે પી.એમ.કર્યા બાદ ગુજરનાર ની પી.એમ.નોટ તૈયાર કરેલી અને પી.એમ.નોટ માં ગુજરનારના મોતનાં કારણમાં **ગુજરનારનુ મૃત્યુનુ કારણ '' ગળુ દબાવવાના કારણે તથા**

**દોરીથી ગળે ફાંસો આપવાના કારણે, શ્વાસ અને હૃદયની ગતિ રોકાઈ જવાના કારણે થયેલ''** હોવાનો પુરાવો આપેલો છે જેને પી.એમ.નોટ તથા કોઝ ઓફ ડેથના સર્ટીફિકેટની હકીકતોથી પણ સમર્થન મળી આવે છે અને તે પુરાવા પણ ફરીયાદ પક્ષને મદદરુપ થતા હોઈ નહિં માનવાને કોઈ કારણ નથી.

સદર કામે રજુ થયેલ પંચ સાહેદોના પુરાવા જોતા પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી પરંતુ પંચનામાઓમાં પોતાની સહીઓ હોવાની હકીકત સ્વીકારી છે તેમજ સદર કામના તપાસ કરનાર અમલદાર સાહેદ ધ્વારા પણ પંચનામા પંચોની હાજરીમાં પોતાની રુબરુમાં કરેલા હોવાની હકીકતને સ્પષ્ટ સમર્થન આપેલ છે ત્યારે રજુ થયેલ પંચનામા નહિં માનવા ને કોઈ કારણ નથી અને સદર તમામ હકીકત જોતા પણ ગુજરનારનુ અકુદરતી મોત નીપજેલ હોવાની હકીકતને સમર્થન મળે છે, તેમજ સદર કામના ત.ક.અ. સાહેદ મનીષભાઈ ઝીણાભાઈ પટેલ ના આંક–૮૮ ના પુરાવાથી સદર ગુન્હા સબંધે સાહેદે યોગ્ય તપાસ કરી આરોપી સામે પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલાનુ જણાવ્યુ છે તેમજ ત.ક.અ. સાહેદ સમક્ષના સદર કામના સાહેદોએ આપેલા નિવેદનોમાં જે હકીકતો જણાવેલી છે તે હકીકતોને પણ સાહેદે સમર્થન આપેલ છે. આમ ફરીયાદ પક્ષના રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓ ઉપરથી આરોપીઓએ મરણજનાર સુનિતાબેન ને ગળુ દબાવી અગર દોરીથી ગળે ફાંસો આપી મોત નિપજાવી ઈ.પી.કો. ૩૦૨,૨૦૧,૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો હોવાની હકીકત ફરીયાદ પક્ષે નિ:શંક પુરાવો રજુ કરી પુરવાર કરેલી છે સબબ ફરીયાદ પક્ષનો રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ આરોપીઓને સદર ગુન્હામાં કસુરવાર ઠરાવી કાયદામાં ઠરાવ્યા મુજબ ની સજા કરવા વિનંતિ કરેલી છે.

(૯) બચાવ પક્ષે આરોપી નં.૧,૨ તર્ફે વિ.વ.શ્રી પી.એન.પરમાર તથા આરોપી નં.૩ નાઓ તર્ફે વિ.વ.શ્રી જે.પી.પરમારના**ઓએ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત** કરેલી છે કે, હાલના ગુન્હાની અકસ્માત મોત ની જાહેરાત સૌપ્રથ આરોપી ઉદેસિંહ અદેસિંહ નાયકનાઓ એ આપેલી છે જે જાહેરાત આંક–૧૦૬ થી રજુ થયેલી છે પરતુ ગુજરનારનુ પી.એમ. કરતા

ડોકટરશ્રીના અભીપ્રાય મુજબ ગુજરનારનુ મોતનુ કારણ '' **ગળુ દબાવવાના કારણે તથા દોરીથી ગળે ફાંસો આપવાના કારણે, શ્વાસ અને હૃદયની ગતિ રોકાઈ જવાના કારણે થયેલ**'' હોવાનો જે અભિપ્રાય આપેલો તે બાદ સદર કામના આરોપી નં.૧ ના સાળા તથા આરોપી નં.ર ના ભાઈ સદર કામના ફરીયાદી પ્રવિણભાઈ બાબુભાઈ નાયક નાઓએ હાલની ફરીયાદ આપેલી છે જે ફરીયાદ સદર કામે આંક–ર૩ થી રજુ થયેલી છે તે જોતા પણ ફરીયાદમાં મરણજનાર મારી ભાણેજ સુનીતાબેન ને મારા બનેવી ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક તથા બેન સુમિત્રાબેન ઉદેસિંગ નાયકનાઓએ મળીને કોઈ અજ્ઞાત જગ્યાએ લઈ જઈ દોરડા વડે અગર હાથથી ગળુ દબાવી મોત નીપજાવી ખુન કરેલ હોવાનો મને પાકો શક છે તેવી હકીકતે ફરીયાદ આપેલી છે. આમ, ફરીયાદ જોતા શકના આધારે ફરીયાદ આપેલી છે ત્યારે સદર ગુન્હાની અકસ્માત મોત ની જાહેરાત આરોપી ધ્વારા આપવામાં આવેલી છે તે સંજોગોમાં જો કોઈ પીતા પોતાની દીકરીનુ ગળુ દબાવી અથવા દોરીથી ફાંસો આપી મોત નીપજાવી તે મતલબની જાહેરાત આપે તે માની લઈ શકાય તેમ નથી માત્ર ને માત્ર આરોપીઓને ફસાવવા હાલની ફરીયાદ આપી છે.

ફરીયાદી તથા સાહેદોને ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર તપાસેલા છે કોઈ જ સાહેદો એ ફરીયાદ–નિવેદન ની હકીકતોને સમર્થન આપેલ નથી અને મહત્વના તમામ સ્વતંત્ર સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. કોઈ જ સાહેદોએ બનાવ નજરે જોયેલો હોવાનો કે હાલના આરોપી નં.૧,ર ને દીકરી સુનીતા નુ ગળુ દબાવી મોત નીપજાવતા કે દોરી વડે ફાંસો આપી મોત નીપજાવતા નજરે જોયા હોય તેવી રેકર્ડ ઉપર કોઈ હકીકતો પુરાવાથી ઉપસ્થિત થયેલ નથી ત્યારે ફરીયાદ પક્ષના ફરીયાદી તથા તપાસેલા સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ગુજરનાર નુ મોત હાલના આરોપીઓ ધ્વારા નીપજાવેલ હોવાનુ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલો નથી.

સદર કામે મરણજનાર સાથે છેલ્લે આરોપી નં.૩ રહેલો હોવાની હકીકત જણાવી ફરીયાદ પક્ષે સદર આરોપી નં.૩ તરીકે હર્ષદભાઈ અક્ષ્વીનભાઈ નાયક ને જોડવા આંક–૪૭ થી અરજી આપતા તેઓને આરોપી નં.૩ તરીકે સદર કામે જોડવામાં આવેલા છે પરંતુ સદર આરોપી

નં.૩ સબંધે પણ કોઈ જ સાહેદોના પુરાવાથી કોઈ હકીકત નીકળી આવતી નથી અને સદર આરોપી નં.૩ ને પણ કોઈ જ સાહેદોએ ગુજરનાર સુનીતાબેન નુ ગળુ દબાવતા અગર દોરી વડે ગળે ફાંસો આપતા નજરે જોયા હોય તેવો કોઈ પુરાવો આપેલો નથી ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદોના પુરાવાથી સદર કામે સુનીતાબેન નુ મોત નીપજેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થાય છે પંતુ સદર મોત હાલના આરોપીઓ ધ્વારા ગળુ દબાવી અથવા દોરી વડે ફાંસો આપી નીપજાવોલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલો નથી.

સદર કામે ફરીયાદ પક્ષે તપાસેલા પંચ સાહેદોએ પણ પંચનામાંમા પોતાની સહી હોવા પુરતો પુરાવો રજુ કરી પંચનામાને સમર્થનકારી કોઈ હકીકત જણાવી નથી અને પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે ત્યારે માત્ર સદર કામના તપાસ કરનાર અમલદારે પંચનામા પંચ સાહેદોની હાજરીમાં કરેલા હોવાની હકીકત જણાવેલી હોઈ તે માત્રથી પંચનામા પુરવાર થયેલા માની લઈ શકાય નહિં.

તેમજ સદર કામે જે દસ્તાવેજો ને બચાવ પક્ષ તર્ફે કબુલ કરવામાં આવ્યા છે તેવા દસ્તાવેજો ને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર '' substantial piece of evidence " તરીકે ગણી શકાય નહીં અને તેનો ઉપયોગ માત્ર સમર્થનાત્મક પુરાવા તરીકે કરી શકાય. પરંતુ હાલના કેસમાં જયારે બનાવના મહત્વના સાહેદોના પુરાવાથી આરોપીઓ વિરૂઘ્ધનુ કોઈ ગુનાહિત કૃત્ય પુરવાર થતુ નથી ત્યારે બચાવ પક્ષે કબુલવામાં આવેલા દસ્તાવેજો માત્રથી આરોપીઓએ આક્ષેપીત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશયોકિતભર્યુ તેમજ કાયદા વિરૂઘ્ધનુ તથા ભારતીય પુરાવા અધીનીયમના પ્રસ્થાપિત સીધ્ધાંત વિરૂઘ્ધનુ છે.

સદર કામે ફરીયાદ પક્ષે ડોકટર સાહેદ અશોકકુમાર ત્રિભોવનપ્રસાદ સિન્હા નાઓને આંક–૮૨ થી તપાસેલા છે સાહેદના પુરાવાથી ગુજરનારની લાશનુ તેમના ધ્વારા પી.એમ. કરવામાં આવેલ છે અને સાહેદે પી.એમ.કર્યા બાદ ગુજરનાર ની પી.એમ.નોટ તૈયાર કરેલી અને પી.એમ.નોટ માં તથા તે બાબતે આપેલ કોઝ ઓફ ડેથ સર્ટિફિકેટમાં ગુજરનારના

મોતનાં કારણમાં **ગુજરનારનુ મૃત્યુનુ કારણ '' '' ગળુ દબાવવાના કારણે તથા દોરીથી ગળે ફાંસો આપવાના કારણે, શ્વાસ અને હૃદયની ગતિ રોકાઈ જવાના કારણે થયેલ''** હોવાનો જે પુરાવો આપેલો છે જેને પી.એમ.નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટિથી પણ સમર્થન મળી આવે છે ત્યારે સદર કામના ફરીયાદ પક્ષે તપાસેલા કોઈ સ્વતંત્ર સાહેદોએ તેમના પુરાવામા જણાવેલી હકીકતો જોતા આરોપીઓ પૈકી કોઈ આરોપીને ગુજરનાર સુનિતાબેન નુ ગળુ દબાવતા કે દોરી વડે ગળે ફાંસો આપતા નજરે જોયા હોય તેવો કોઈ સ્પષ્ટ કે સાંયોગીક પુરાવો રજુ કરેલો નથી સાહેદોએ પુરાવાથી માત્ર ગુજરનાર સાહેદ સુનીતાબેન નુ મોત નીપજેલ હોવાનો પુરાવો આપેલો છે પરંતુ કઈ રીતે મોત નીપજયુ કંઈ વાગવાથી, કોઈના મારવાથી, કોઈના ધ્વારા ગળુ દબાવવાથી કે કોઈના ધ્વારા ગળામાં દોરીથી ફાંસો આપવાથી અગર ઈતર કોઈ કારણોસર થયુ તે બાબતે કોઈ ચોકકસ પુરાવો આપેલો નથી તેમજ સદર કામે એફ.એસ.એલ. ધ્વારા મોકલવામાં આવેલ નમુનાઓનુ જે પૃથ્થકરણ કરવામાં આવેલ છે તે જોતા ગુજરનારના કાળા કલરના ડીઝાઈનવાળા નેટવાળા કપાયેલા ટોપ ઉપર રુધીરની હાજરી મળી આવેલ છે તેમજ નમુના સી–શર્ટ કે જે આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ છે તેના ઉપર રુધીર ની હાજરી મળી આવેલ છે પરંતુ સદર નમુનાઓનુ પૃથ્થકરણ જોતા એમ–૧ થી આરોપી નં.૧ નુ બ્લડ સેમ્પલ અને એન–૧ થી આરોપી નં.ર નુ બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે તે જોતા તે અનુક્રમે બી અને ઓ ગૃપનુ લોહી હોવાનુ જણાય છે જયારે ગુજરનાર ના ટોપ ઉપર જે લોહી છે તે એ ગૃપ નુ છે જે બંને મેચ થતુ નથી તેમજ શર્ટ ઉપર જે લોહી હોવાનુ મળી આવેલ છે તે સબંધે અપુરતુ રુધીર હોવાનુ સીરોલોજી તપાસણી અહેવાલમાં જણાવેલ છે ત્યારે લીધેલ નમુનાઓ સાથે હાલના આરોપીઓનુ લોહી મેચ થતુ હોય તે હકીકત પણ પુરવાર થતી નથી. તેમજ ફરીયાદ પક્ષે ગળુ દબાવી અગર ગળે ફાંસો આપી મોત નીપજાવેલ હોવાનો જે ડોકટરનો અભિપ્રાય છે તે જોતા સદર કામે નમુના આઈ થી સુતરાઉ દોરી નુ પૃથ્થકરણ પણ કરવામાં આવેલ છે જેના ઉપર કોઈ રુધીર કે પીશીય પદાર્થ મળી શકેલ નહિં હોવાનો સાયન્ટીફીક રીપોર્ટ છે ત્યારે કોઝ ઓફ ડેથ માં જણાવ્યા મુજબ ના કારણ અનુસાર હાલના આરોપીઓએ જ ગુજરનાર સુનિતાબેન ને ગળુ

દબાવી કે દોરી વડે ગળે ફાંસો આપી મોત નીપજાવેલ હોય તે હકીકત ને કોઈ સમર્થન મળી આવતુ નથી ત્યારે હાલના આરોપીઓ દ્ધારા મોત નીપજાવેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. તેમજ સદર કામના તપાસ કરનાર અમલદાર સાહેદે પોતાના પુરાવાથી સદર કામની તપાસ યોગ્ય દિશામાં કરી આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ હોવાની પોતાની ફરજ દરમ્યાન કરેલી કામગીરીને સમર્થન આપેલ છે પરંતુ રજુ થયેલ ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવાથી તપાસ કરનાર અમલદાર સાહેદના પુરાવાને કોઈ સ્પષ્ટ કે સાંયોગીક સમર્થન આપેલ નથી અને મહત્વના સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતો સબંધે માત્ર પંચનામાંમા સહી હોવા પુરતો પુરાવો આપેલો છે અને ફરી ગયેલા જાહેર થયેલા છે ,ફરીયાદ પક્ષના મહત્વના તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે, તેમજ તપાસ કરનાર અમલદારે તેમના પુરાવામાં તેમની સમક્ષ સાહેદોએ જે હકીકત નિવેદનમાં જણાવેલી તે હકીકતને સમર્થન આપેલ છે પરંતુ સદર કામના પંચ સાહેદોએ પણ પોતાની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી લીધેલી હોવાનો પુરાવો આપેલો છે. સાહેદોનો પુરાવો જોતા કોઈ જ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી ફરીયાદી આંક–૨૨ ના સાહેદે ઉલટ તપાસ '' તે વાત ખરી છે કે, બનાવ સમયે હું મેડીકલ સ્ટોર છે ત્યાં હતો ત્યારબાદ ફોન આવતા હુ હોસ્પિટલ ગયેલો. તે વાત ખરી છે કે, બનાવ મેં નજરે જોયેલો નથી કે બનાવની મને જાત માહીતી નથી તે વાત ખરી છે કે પોલીસને મેં કોઈ ફરીયાદ લખાવેલ નથી પોલીસે મારી તૈયાર ફરીયાદમાં સહી કરેલી તેવી હકીકત જણાવી છે. જયારે આંક–૩૩ ના સાહેદ પાયલબેન અશોકભાઈ નો પુરાવો જોતા સાહેદ સગીર સાહેદ છે સાહેદે ૧૬૪ ના નિવેદનમાં જે હકીકત જણાવી છે તે જોતા પણ ફરીયાદની હકીકતો ને સમર્થન મળતુ નથી. સાહેદને આંક–૩૩ થી તપાસેલા છે સાહેદે ઉલટ તપાસમાં એ વાત ખરી છે કે, નિવેદન આપવા આવેલી ત્યારે હું ગભરાયેલી હતી તે વાત ખરી છે કે, ગભરાયેલી હોય એટલે શું લખાવવુ અને કેવી રીતે લખાવવુ તેની મને ખબર નથી. તે વાત ખરી છે કે, પોલીસે મને જેવુ કીધુ તેવુ નિવેદન લખાવેલ. તે વાત ખરી છે કે, બનાવ વીશે કોઈ જાત માહીતી નથી તેવી

હકીકત જણાવી છે. જયારે આંક–૪૪ ના સાહેદ તુલસીબેને ઉલટ તપાસમાં તે વાત ખરી છે કે, હું ઘરકામ કરવા જઉ છુ અને સાજે છ સાત વાગે ઘરે આવુ છુ તે વાત ખરી છે કે, બનાવ વીશે મને જાત માહીતી નથી તેવી હકીકત જણાવી છે. જયારે આંક–૪૬ ના સાહેદે પણ બનાવ અંગે જાત માહીતી નહિં હોવાની હકીકત ઉલટ તપાસથી જણાવી છે. જયારે આંક–૫૫ ના મહત્વના સાહેદ ઘરતીબેન દીપભાઈ નો ઉલટ તપાસનો પુરાવો જોઈએ તો સાહેદે '' તે વાત ખરી છેકે, બનાવ બન્યો તે સમયે હુ કંજરી ગામે મજુરી કામે ગયેલી હતી અને સાંજના સાતેક વાગે ઘરે આવેલી હતી. તે વાત ખરી છ`કે, બનાવ વીશે મને કોઈ જાત માહીતી નથી. તે વાત ખરી છેકે, બનાવ બન્યો ત્યારે મારી મમ્મીનું મોટુ ઓપરેશન કરાવેલુ અને પથારી વશ હતા.તે વાત ખરી છેકે, મારા પિતા ચાની લારી સરસ્વતી સ્કુલ આગળ ચલાવે જેથી મારોભાઈ ભાવીક તેમની સાથે જાય અને સાંજના સાત આઠ વાગે ઘરે પાછા આવતા હોય છે.તે વાત ખરી છેકે, બનાવ સમયે મારોભાઈ તથા મારા પપ્પા હાજર ન હતા તેવી હકીકત જણાવી છે. આંક–૬૨ ના સાહેદ સરસ્વતિબેને '' તે વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે હું ખેતમજુરીએ બહાર હતી તે વાત ખરી છે કે, બનાવની કોઈ જાત માહીતી નથી તેવી હકીકત જણાવી છે. જયારે આંક–૬૩ ના સાહેદ મુકેશભાઈએ પણ તેજ પ્રકારે હકીકત જણાવી છે જયારે આંક–૬૮ ના સાહેદ મીનાબેને '' તે વાત ખરી છે કે, બનાવની જાણ ફોન ધ્વારા થયેલી. તે વાત ખરી છે કે બીજે દિવસે ધનપુરી ગામમાં વીધીમાં ગયેલા તે વાત ખરી છે કે, પોલીસે મારુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહિં તેવી હકીકત જણાવી છે. જયારે આંક–૬૯ ના સાહેદ વિક્રમભાઈએ પણ તેજ પ્રકારે હકીકત સ્વીકારી છે. જયારે આંક–૭૧ ના સાહેદ મેહુલભાઈ વિનોદભાઈ નાયકે '' તે વાત ખરી છે કે, પોલીસે મારુ માત્ર નામ–સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાઈ પુછેલુ નહિં તે વાત ખરી છે કે, બનાવ મેં નજરો નજર જોયેલ નથી કે બનાવની જાત માહીતી નથી તેવી હકીકત જણાવી છે તેજ પ્રકારે આંક–૭૨ ના સાહેદ અજીતકુમારે તથા આક–૭૪ ના સાહેદ રાકેશભાઈ ડાહયાભાઈ એ પણ તેવી જ હકીકતો સ્વીકારી છે.ત્યારે સદર સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન મળતુ નથી

અને આમ, ફરીયાદ પક્ષના મહત્વના તમામ સ્વતંત્ર સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો નથી સાહેદોના પુરાવાથી ફરીયાદની હકીકતોને સમર્થનકારી કોઈ પુરાવો નીકળી આવતો નથી ત્યારે તેવા સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પોલીસ સાહેદ ત.ક.અ. સાહેદના પુરાવાને કોઈ સ્પષ્ટ કે સાંયોગીક સમર્થન મળતુ નથી અન્ય કોઈ બનાવ નજરે જોનાર સાહેદ નો પુરાવો નથી તે સંજોગોમાં માત્ર તપાસ કરનાર અમલદાર પોલીસ સાહેદ ધ્વારા જે પુરાવો આપેલો છે તે પુરાવો માત્ર માની લઈ આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય નહિં. અને આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદ આંક-૨૩ થી રજુ થયેલી ફરીયાદ હકીકત મુજબ નો આક્ષેપિત ગુન્હો હાલના આરોપીઓ ધ્વારા જ આચરવામાં આવેલો હોય તે હકીકત શંકાથી પર રહી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલો હોઈ આરોપીને આક્ષેપિત ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલી છે.

**(૧૦) :: કારણો ::**

ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરી તે આધારે ઉપસ્થિત થયેલ ઉપરોકત મુદ્દાઓ સબંધેના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ હું રજુ કરુ છુ.

**મુદ્દા નં.૧ :-**

**(૧૧)** આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ-૩૦૨,૨૦૧,૧૧૪મુજબના ગુનાનો આક્ષેપ છે. આક્ષેપિત ગુનાઓ સબંધે આરોપી વિરુધ્ધ આંક-૧૭ થી તહોમતનામુ ફરમાવ્યુ છે, ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે કુલ-૨૧ સાહેદોને તપાસવામાં આવેલા છે તેમજ જુદા જુદા કુલ-૩૭ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

હવે ફરીયાદ પક્ષે રજુ થયેલા રેકર્ડ ઉપરના પુરાવા જોઈ તેનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરતા પહેલા સૌપ્રથમ ફરીયાદની હકીકત ધ્યાને લેતા આરોપીઓએ ગુજરનારનુ ગળુ દબાવી અથવા દોરી વડેગળે ફાસો આપી મોત નીપજાવેલ હોવાનો આક્ષેપ છે. ફરીયાદ

પક્ષે ડોકટર સાહેદ અશોક ત્રિભોવનપ્રસાદ સિન્હા ને આંક–૮૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમના પુરાવામાં ગુજરનારની લાશનુ પી.એમ. કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે અને ગુજરનારના મોત અંગે આપેલ કોઝ ઓફ ડેથના સર્ટીફિકેટમાં તથા પી.એમ.નોટમાં નાં ગુજરનાર ના મૃત્યુના કારણમાં **ગુજરનારનુ મૃત્યુનુ કારણ ''મરણ જનાર નુ ગળુ દબાવવાના કારણે તથા દોરીથી ગળે ફાંસો આપવાના કારણે શ્વાસ અને હૃદયની ગતિ રોકાઈ જવાના કારણે થયેલ''** હોવાનો પુરાવો આપેલો છે ત્યારે આ બનાવમાં હાલનાં આરોપીઓની કોઈ ભૂમિકા છે કે કેમ ? યાને કે હાલના આરોપીઓએ જ હાલનો આક્ષેપિત ગુન્હો આચરેલો છે કે કેમ ? તે અંગેની ચર્ચા હવે પછીના મુદ્દાના નિર્ણયમાં વિસ્તૃત રીતે કરવામાં આવશે પરંતુ રજુ થયેલ મેડીકલ ઓફીસરની જુબાની, મરણ જનાર ની પી.એમ.નોટ, કોઝ ઓફ ડેથ નુ સર્ટીફિકેટ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જોતાં મરણજનાર સુનીતાબેન નુ મૃત્યુ કુદરતી રીતે નહી પરંતુ તેનો સમાવેશ સાપરાધ મનુષ્યવધ થઈ શકે તે પ્રકારે થયેલ હોવાનુ સ્પષ્ટ પણે જોઈ શકાય છે.

**(૧૨) હવે ફરીયાદ પક્ષે રજુ થયેલી ફરીયાદમા કરવામાં આવેલા આક્ષેપોની હકીકતો અન્વયે** ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોના પુરાવાઓનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરીએ તે પહેલા રેકર્ડ ઉપરની હકીકતો જોતા સદર કામના ગુજરી જનાર સાહેદ સુનીતાબેન તે આોપી નં.૧,૨ ની દીકરી થાય છે તેમજ સદર કામના ફરીયાદી પ્રવિણભાઈ બાબુભાઈ નાયક તે ગુજરનાર ના મામા થાય છે જયારે સાહેદ પાયલબેન અશોકભાઈ આંક–૩૩ ના ગુજરનારના બેનપણી થાય છે જયો આંક–૪૪ ના સાહેદ તુલસીબેન તે ગુજરનારની બેન થાય છે. જયારે આંક–૫૫ ના સાહેદ ધરતીબેન તે ગુજરનાર ની બહેન છે જયારે આંક–૬૨ ના સાહેદ સરસ્વતિબેન ની ગુજરનાર ભત્રીજી થાય છે યાનેકે ભાઈની દીકરી છે જયારે આંક–૬૩ ના સાહેદ મુકેશભાઈ ની પણ ગુજરનાર ભત્રીજી થાય છે જયારે આંક–૬૮ ના સાહેદ મીનાબેન ની પણ ગુજરનાર ભત્રીજી થાય છે જયારે આંક–૬૯ ના સાહેદ વિક્રમભાઈ તે ગુજરનારના બનેવી થાય છે યાને કે તમામ સાહેદો આરોપી નં.૧,૨ ના સંતાનો તથા ભાઈ,સાળા બહેન વિગેરે સબંધીઓ છે

તેજ રીતે આંક–૭૧ ના સાહેદ મેહુલભાઈ નો આરોપી નં.૩ હર્ષદભાઈ ભાઈ થાય છે આમ, ફરીયાદ પક્ષે ફરીયાદી તથા મહત્વના તમામ સાહેદો રસ ધરાવતા સાહેદો તેમજ એક ઘરના તથા કુટુંબના સગા–વ્હાલા કુટુંબીઓ યાને કે રસ ધરાવનાર સાહેદો છે  તે જોતા સદર કામે કોઈ બનાવ નજરે જોનાર સ્વતંત્ર સાહેદને તપાસ કરનાર અમલદાર ધ્વારા સાહેદ તરીકે લીધેલા નથી કે ફરીયાદ પક્ષે તપાસેલા નથી જે હકીકત તપાસની એક મહત્વની તૃટી છે અને તે બાબતેથી મહત્વની હકીકતો સબંધે મહત્વની શંકા ઉત્પન્ન થાય છે.

**(૧૩)** આમ, રેકર્ડ ઉપરની ઉપરોકત હકીકતો જોયા બાદ હવે રજુ થયેલ ફરીયાદ પક્ષના પુરાવાઓનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષે સૌપ્રથમ  આંક–૨૪ થી પંચ સાહેદ જીતેન્દ્રકુમાર મગનલાલ ભગત ને તથા આંક–૩૨ થી પંચ સાહેદ  સતીષભાઈ ડાહયાભાઈ બારીયા ને તપાસવામાં આવેલા છે. સાહેદો સદર કામના આરોપીઓએ બતાવેલ જગ્યાએથી મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદોછે પરંતુ સાહેદોએ પુરાવામાં પંચનામાની સહી હોવાથી વિશેષ કોઈ હકીકત ને સમર્થનકારી પુરાવો રજુ કરેલો ન હોઈ સાહેદોને ફરીયાદ પક્ષ તરફથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. હોસ્ટાઈલ જાહેર વિગતવાર ઉલટ તપાસ વિ.એ.જી.પી.શ્રી ધ્વારા કરવા છતા પણ પંચનામાને સમર્થનકાારી કોઈ હકીકત જણાવી નથી  આરોપી પક્ષની ઉલટ તપાસમાં પણ તૈયાર પંચનમામા સહી કરેલી તે સિવાય બીજુ કાંઈ જાણતા નથી તે વાત ખરી છે કે, મારી હાજરીમાં કોઈ મુદ્દામાલ રીકવર કરેલ નથી કે કોઈ પંચનામુ કરેલ નથી તેવી હકીકત જણાવી છે. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી મુદ્દામાલ રીકવરી પંચનામાની હકીકતો ને કોઈ  જ સમર્થનકારી હકીકત નીકળી આવતી ન હોઈ સાહેદોના પુરાવાથી પંચનામુ પુરવાર થતુ નથી અને આમ, પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને કોઈ મદદ મળતી નથી કે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી.

**(૧૪)** ફરીયાદ પક્ષે રજુ થયેલા મહત્વના સ્વતંત્ર સાહેદોના પુરાવા સબંધે ઉપરોકત જણાવ્યા મુજબ ના તમામ સાહેદો રસ ધરાવતા એક ઘરના કુટુંબના, સગા વ્હાલા સાહેદો છે છતા સાહેદોએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદ–નિવેદન ની હકીકતોને

સમર્થનકારી કોઈ હકીકત નહિં જણાવતા સાહેદોને ફરીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે જેથી સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા હોઈ સાહેદોના પુરાવાની કોઈ એવીડેન્ટરીય વેલ્યુ નથી કે સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી.

**(૧૫)** ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદો પૈકી મહત્વના સાહેદ ડોકટર સાહેદ અશોકકુમાર ત્રિભોવનપ્રસાદ સિન્હા નાઓને આંક-૮૨ થી તપાસેલા છે સાહેદના પુરાવાથી ગુજરનારની લાશનુ તેમના ધ્વારા પી.એમ. કરવામાં આવેલ છે અને સાહેદે પી.એમ.કર્યા બાદ ગુજરનાર ની પી.એમ.નોટ તૈયાર કરેલી અને પી.એમ.નોટ માં તથા તે બાબતે આપેલ કોઝ ઓફ ડેથ સર્ટીફિકેટમાં ગુજરનારના મોતનાં કારણમાં **ગુજરનારનુ મૃત્યુનુ કારણ '' '' ગળુ દબાવવાના કારણે તથા દોરીથી ગળે ફાંસો આપવાના કારણે, શ્વાસ અને હૃદયની ગતિ રોકાઈ જવાના કારણે થયેલ''** હોવાનો જે પુરાવો આપેલો છે જેને પી.એમ.નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટીથી પણ સમર્થન મળી આવે છે ત્યારે સદર કામના ફરીયાદ પક્ષે તપાસેલા કોઈ સ્વતંત્ર સાહેદોએ તેમના પુરાવામા જણાવેલી હકીકતો જોતા આરોપીઓ પૈકી કોઈ આરોપી ને ગુજરનાર સુનિતાબેન નુ ગળુ દબાવતા કે દોરી વડે ગળે ફાંસો આપતા નજરે જોયા હોય તેવો કોઈ સ્પષ્ટ કે સાંયોગીક પુરાવો રજુ કરેલો નથી સાહેદોએ પુરાવાથી માત્ર ગુજરનાર સાહેદ સુનીતાબેન નુ મોત નીપજેલ હોવાનો પુરાવો આપેલો છે પરંતુ કઈ રીતે મોત નીપજયુ કંઈ વાગવાથી, કોઈના મારવાથી, કોઈના ધ્વારા ગળુ દબાવવાથી કે કોઈના ધ્વારા ગળામાં દોરીથી ફાંસો આપવાથી અગર ઈતર કોઈ કારણોસર થયુ તે બાબતે કોઈ ચોકકસ પુરાવો આપેલો નથી તેમજ સદર કામે એફ.એસ.એલ. ધ્વારા મોકલવામાં આવેલ નમુનાઓનુ જે પૃથ્થકરણ કરવામાં આવેલ છે તે જોતા ગુજરનારના કાળા કલરના ડીઝાઈનવાળા નેટવાળા કપાયેલા ટોપ ઉપર રુધીરની હાજરી મળી આવેલ છે તેમજ નમુના સી-શર્ટ કે જે આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ છે તેના ઉપર રુધીર ની હાજરી મળી આવેલ છે પરંતુ સદર નમુનાઓનુ પૃથ્થકરણ જોતા એમ-૧ થી આરોપી નં.૧ નુ બ્લડ સેમ્પલ અને એન-૧ થી આરોપી નં.૨ નુ બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે તે જોતા તે અનુક્રમે બી અને ઓ ગૃપનુ લોહી હોવાનુ જણાય

છે જયારે ગુજરનાર ના  ટોપ ઉપર જે લોહી છે તે એ ગૃપ નુ છે જે બંને મેચ થતુ નથી તેમજ શર્ટ ઉપર જે લોહી હોવાનુ મળી આવેલ છે તે સબંધે અપુરતુ રુધીર હોવાનુ સીરોલોજી તપાસણી અહેવાલમાં જણાવેલ છે ત્યારે લીધેલ નમુનાઓ સાથે હાલના આરોપીઓનુ લોહી મેચ થતુ હોય તે હકીકત પણ પુરવાર થતી નથી. તેમજ ફરીયાદ પક્ષે  ગળુ દબાવી અગર ગળે ફાંસો આપી મોત નીપજાવેલ હોવાનો જે ડોકટરનો અભિપ્રાય છે તે જોતા સદર કામે  નમુના આઈ થી સુતરાઉ દોરી નુ પૃથ્થકરણ પણ કરવામાં આવેલ છે જેના ઉપર કોઈ રુધીર કે પીશીય પદાર્થ મળી શકેલ નહિં હોવાનો સાયન્ટીફીક રીપોર્ટ છે ત્યારે કોઝ ઓફ ડેથ માં જણાવ્યા મુજબ ના કારણ અનુસાર હાલના આરોપીઓએ જ ગુજરનાર સુનિતાબેન ને ગળુ દબાવી કે દોરી વડે ગળે ફાંસો આપી મોત નીપજાવેલ હોય તે હકીકત ને કોઈ સમર્થન મળી આવતુ નથી ત્યારે હાલના આરોપીઓ ધ્વારા મોત નીપજાવેલ હોવાની હકીકત રજુ થયેલ ડોકટર સાહેદના પુરાવા તથા સાયન્ટીક દસ્તાવેજી પુરાવાથી પુરવાર થતી નથી.

**(૧૬)** હવે ફરીયાદ પક્ષે રસ ધરાવતા સાહેદોના પુરાવાની હકીકતો જોતા ફરીયાદ પક્ષે ફરીયાદી આંક–રર ના સાહેદ પ્રવિણભાઈ બાબુભાઈ નાયકે પોતાની સોગંદ ઉપરની  ઉલટ તપાસ '' તે વાત ખરી છે કે, બનાવ સમયે હું મેડીકલ સ્ટોર છે ત્યાં હતો ત્યારબાદ ફોન આવતા હુ હોસ્પિટલ ગયેલો. તે વાત ખરી છે કે, બનાવ મેં નજરે જોયેલો નથી કે બનાવની મને જાત માહીતી નથી તે વાત ખરી છે કે પોલીસને મેં કોઈ ફરીયાદ લખાવેલ નથી પોલીસે મારી તૈયાર ફરીયાદમાં સહી કરેલી તેવી હકીકત જણાવી છે ત્યારે ફરીયાદી સાહેદના પુરાવાથી ફરીયાદ પુરવાર થતી નથી.

જયારે આંક–૩૩ ના સાહેદ પાયલબેન અશોકભાઈ નો પુરાવો જોતા સાહેદ સગીર સાહેદ છે સાહેદે ૧૬૪ ના નિવેદનમાં જે હકીકત જણાવી છે તે જોતા પણ ફરીયાદની હકીકતો ને સમર્થન મળતુ નથી. સાહેદને આંક–૩૩ થી તપાસેલા છે સાહેદે ઉલટ તપાસમાં એ વાત ખરી છે કે, નિવેદન આપવા આવેલી ત્યારે હું ગભરાયેલી હતી તે વાત ખરી છે કે, ગભરાયેલી હોય એટલે શું લખાવવુ અને કેવી રીતે લખાવવુ તેની મને ખબર નથી. તે વાત ખરી છે કે, પોલીસે મને

જેવુ કીધુ તેવુ નિવેદન લખાવેલ. તે વાત ખરી છે કે, બનાવ વીશે કોઈ જાત માહીતી નથી તેવી હકીકત જણાવી છે આમ, સદર સાહેદના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતુ ન હોઈ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરુપ થતો નથી કે સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

જયારે આંક–૪૪ ના સાહેદ તુલસીબેને ઉલટ તપાસમાં તે વાત ખરી છે કે, હું ઘરકામ કરવા જઉ છુ અને સાજે છ સાત વાગે ઘરે આવુ છુ તે વાત ખરી છે કે, બનાવ વીશે મને જાત માહીતી નથી તેવી હકીકત જણાવી છે. જયારે આંક–૪૬ ના સાહેદે પણ બનાવ અંગે જાત માહીતી નહિં હોવાની હકીકત ઉલટ તપાસથી જણાવી છે આમ, સદર સાહેદોના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ મદદ મળતી નથી અને ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી.

જયારે આંક–૫૫ ના મહત્વના સાહેદ ધરતીબેન દીપભાઈ નો ઉલટ તપાસનો પુરાવો જોઈએ તો સાહેદે '' તે વાત ખરી છેકે, બનાવ બન્યો તે સમયે હુ કંજરી ગામે મજુરી કામે ગયેલી હતી અને સાંજના સાતેક વાગે ઘરે આવેલી હતી. તે વાત ખરી છે કે, બનાવ વીશે મને કોઈ જાત માહીતી નથી. તે વાત ખરી છેકે, બનાવ બન્યો ત્યારે મારી મમ્મીનું મોટુ ઓપરેશન કરાવેલુ અને પથારી વશ હતા.તે વાત ખરી છેકે, મારા પિતા ચાની લારી સરસ્વતી સ્કુલ આગળ ચલાવે જેથી મારોભાઈ ભાવીક તેમની સાથે જાય અને સાંજના સાત આઠ વાગે ઘરે પાછા આવતા હોય છે.તે વાત ખરી છેકે, બનાવ સમયે મારોભાઈ તથા મારા પપ્પા હાજર ન હતા તેવી હકીકત જણાવી છે આમ, સદર સાહેદના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતુ ન હોઈ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરુપ થતો નથી કે સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

આંક–૬૨ ના સાહેદ સરસ્વતિબેને પોતાની સોગંદ ઉપરની ઉલટ તપાસના પુરાવામાં '' તે વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે હું ખેતમજુરીએ બહાર હતી તે વાત ખરી છે કે, બનાવની કોઈ જાત માહીતી નથી તેવી હકીકત જણાવી છે. જયારે આંક–૬૩ ના સાહેદ

મુકેશભાઈએ પણ તેજ પ્રકારે હકીકત જણાવી છે આમ, સદર સાહેદના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતુ ન હોઈ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરુપ થતો નથી કે સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

જયારે આંક–૬૮ ના સાહેદ મીનાબેને '' તે વાત ખરી છે કે, બનાવની જાણ ફોન દ્વારા થયેલી. તે વાત ખરી છે કે બીજે દિવસે ધનપુરી ગામમાં વીધીમાં ગયેલા તે વાત ખરી છે કે, પોલીસે મારુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહિં તેવી હકીકત જણાવી છે. જયારે આંક–૬૯ ના સાહેદ વિક્રમભાઈએ પણ તેજ પ્રકારે હકીકત સ્વીકારી છે. આમ, સદર સાહેદના પુરાવાથી પણ ફરીયાદ પક્ષના કેસને કોઈ સમર્થન મળતુ ન હોઈ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરુપ થતો નથી કે સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષ નો કેસ પુરવાર થતો નથી.

જયારે આંક–૭૧ ના સાહેદ મેહુલભાઈ વિનોદભાઈ નાયકે '' તે વાત ખરી છે કે, પોલીસે મારુ માત્ર નામ–સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાઈ  પુછેલુ નહિં તે વાત ખરી છે કે, બનાવ મેં નજરો નજર જોયેલ નથી કે બનાવની જાત માહીતી નથી તેવી હકીકત જણાવી છે તેજ પ્રકારે આંક–૭ર ના સાહેદ અજીતકુમારે  તથા આક–૭૪ ના સાહેદ રાકેશભાઈ ડાહ્યાભાઈ એ પણ તેવી જ હકીકતો સ્વીકારી છે.ત્યારે સદર સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન મળતુ નથી  અને આમ, ફરીયાદ પક્ષના મહત્વના તમામ સ્વતંત્ર સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો નથી સાહેદોના પુરાવાથી ફરીયાદની હકીકતોને સમર્થનકારી કોઈ પુરાવો  નીકળી આવતો નથી.

ત્યારે સદર કામના  તપાસ કરનાર અમલદાર સાહેદે પોતાના પુરાવાથી સદર કામની તપાસ યોગ્ય દિશામાં કરી  આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલ હોવાની પોતાની ફરજ દરમ્યાન કરેલી કામગીરીને સમર્થન આપેલ છે પરંતુ રજુ થયેલ ફરીયાદ પક્ષના સાહેદોના ઉપરોકત પુરાવાથી તપાસ કરનાર અમલદાર સાહેદના પુરાવાને કોઈ સ્પષ્ટ કે સાંયોગીક સમર્થન આપેલ નથી અને મહત્વના સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતો સબંધે માત્ર પંચનામાંમા સહી હોવા પુરતો પુરાવો

આપેલો છે અને ફરી ગયેલા જાહેર થયેલા છે ,ફરીયાદ પક્ષના મહત્વના તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે, તેમજ તપાસ કરનાર અમલદારે તેમના પુરાવામાં તેમની સમક્ષ સાહેદોએ જે હકીકત નિવેદનમાં જણાવેલી તે હકીકતને સમર્થન આપેલ છે પરંતુ સદર કામના પંચ સાહેદોએ પણ પોતાની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી લીધેલી હોવાનો પુરાવો આપેલો છે.અને તપાસેલા ઉપરોકત સાહેદોએ તેમના પુરાવામાં ફરીયાદ હકીકતથી વિરુધ્ધની હકીકત વાળો પુરાવો આપેલો છે તેમજ સાહેદોનો પુરાવો જોતા કોઈ જ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી ત્યારે તેવા સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પોલીસ સાહેદ ત.ક.અ. સાહેદના પુરાવાને કોઈ સ્પષ્ટ કે સાંયોગીક સમર્થન મળતુ નથી અન્ય કોઈ બનાવ નજરે જોનાર સાહેદ નો પુરાવો નથી તે સંજોગોમાં માત્ર તપાસ કરનાર અમલદાર પોલીસ સાહેદ ધ્વારા જે પુરાવો આપેલો છે તે પુરાવો માત્ર માની લઈ આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય નહિં.

**સદર કામે આરોપીઓએ ગુજરનાર નુ ગળુ દબાવી અગર તો દોરીથી ફાંસો આપી મોત નીપજાવેલ હોવાનો હોવાનો આક્ષેપ છે અને તેવો આક્ષેપ છે ત્યારે તે સમયે ફરીયાદ પક્ષના બનાવ નજરે જોનાર સાહેદોના પુરાવાથી તેવી હકીકત ને સ્પષ્ટ સમર્થન મળવુ જરુરી છે પરંતુ રેકર્ડ ઉપર તપાસેલા કોઈ જ સાહેદે બનાવ નજરે જોયો હોય તેવો પુરાવો આપેલો નથી કે કોઈ જ સાહેદે પુરાવાથી આરોપીઓને ગુજરનાર સુનીતાબેન નુ ગળુ દબાવતા કે દોરીથી ગળે ફાંસો આપતા નજરે જોયા હોય તેવી હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત થતી નથી ત્યારે આરોપીઓએ જ ગુજરનાર નુ મોત નીપજાવેલ હોય તે હકીકત શંકા રહીત પુરવાર થતી નથી.**

**વધુમાં સાહેદોનો પુરાવો જોતા તથા સાયન્ટીક પુરાવો જોતા** એફ.એસ.એલ. ધ્વારા મોકલવામાં આવેલ નમુનાઓનુ જે પૃથ્થકરણ કરવામાં આવેલ છે તે જોતા ગુજરનારના કાળા કલરના ડીઝાઈનવાળા નેટવાળા કપાયેલા ટોપ ઉપર રુધીરની હાજરી મળી આવેલ છે તેમજ નમુના સી–શર્ટ કે જે આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ છે તેના ઉપર રુધીર ની

હાજરી મળી આવેલ છે પરંતુ સદર નમુનાઓનુ પૃથ્થકરણ જોતા એમ–૧ થી આરોપી નં.૧ નુ બ્લડ સેમ્પલ અને એન–૧ થી આરોપી નં.ર નુ બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે તે જોતા તે અનુક્રમે બી અને ઓ ગૃપનુ લોહી હોવાનુ જણાય છે જયારે ગુજરનાર ના ટોપ ઉપર જે લોહી છે તે એ ગૃપ નુ છે જે બંને મેચ થતુ નથી તેમજ શર્ટ ઉપર જે લોહી હોવાનુ મળી આવેલ છે તે સબંધે અપુરતુ રુધીર હોવાનુ સીરોલોજી તપાસણી અહેવાલમાં જણાવેલ છે ત્યારે લીધેલ નમુનાઓ સાથે હાલના આરોપીઓનુ લોહી મેચ થતુ હોય તે હકીકત પણ પુરવાર થતી નથી. તેમજ ફરીયાદ પક્ષે ગળુ દબાવી અગર ગળે ફાંસો આપી મોત નીપજાવેલ હોવાનો જે ડોકટરનો અભિપ્રાય છે તે જોતા સદર કામે નમુના આઈ થી સુતરાઉ દોરી નુ પૃથ્થકરણ પણ કરવામાં આવેલ છે જેના ઉપર કોઈ રુધીર કે પીશીય પદાર્થ મળી શકેલ નહિં હોવાનો સાયન્ટીફીક રીપોર્ટ છે ત્યારે કોઝ ઓફ ડેથ માં જણાવ્યા મુજબ ના કારણ અનુસાર હાલના આરોપીઓએ જ ગુજરનાર સુનિતાબેન ને ગળુ દબાવી કે દોરી વડે ગળે ફાંસો આપી મોત નીપજાવેલ હોય તે હકીકત ને કોઈ સમર્થન મળી આવતુ નથી **અને તે સંજોગોમાં જયાં સુધી બનાવ નજરે જોનાર સાહેદના પુરાવાથી એવી હકીકત પ્રસ્થાપિત ન થાય કે સદર કામના આરોપીઓએ જ ગુજરનાર નુ ગળુ દબાવેલ હતુ કે દોરી વડે ગળે ફાંસો આપેલોહતો ત્યાં સુધી આરોપીઓએ ગુજરનાર સુનીતાનુ ગળુ દબાવી કબે ગળે દોરી વડે ફાંસો આપી મોત નીપજાવેલ હોય તે હકીકત નિ:શંક માની લઈ શકાય નહિં કે તેવી હકીકત ફરીયાદ પક્ષ શંકાથી પર રહી પુરવાર કરી શકેલો નથી.**

(ર૮) આમ, ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા સદર કામે પંચ સાહેદોએ પંચનામાને સમર્થન આપેલ નથી અને પંચનામા પુરવાર થયેલા નથી. તેમજ જે સ્વતંત્ર સાહેદો ને ફરીયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલા છે તે તમામ સાહેદો સગા–સબંધી રસ ધરાવતા સાહેદો છે છતા સાહેદોએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી તેમજ તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી જે તપાસની એક તૃટી છે અને તપાસ તરફ શંકાની સોય અંકાય છે. સાહેદોએ પણ પુરાવાથી ગુજરનારના મોતની

હકીકતને સમર્થન આપેલ છે પરંતુ સદર મોત હાલના આરોપીઓ ધ્વારા ગુજરનાર નુ ગળુ દબાવી કે ગળે દોરી વડે ફાંસો આપી નીપજાવતા નજરે જોયા નથી કે તેવો કોઈ પુરાવો રજુ કરી તે હકીકત ને સમર્થન આપેલ નથી કોઈ જ સાહેદે બનાવ નજરે જોયો હોય તે બાબતે સ્પષ્ટ પુરાવો આપેલો નથી સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સદર કામના તપાસ કરનાર અમલદાર સાહેદના પુરાવાને પણ સમર્થન મળતુ નથી તેમજ સદર કામે ત.ક.અ. ધ્વારા આરોપીએ ગુનાના કામે ઉપયોગ કરેલ સુતરાઉ દોરી આરોપીએ બતાવ્યા મુજબ ની જગ્યાએથી પંચનામુ કરી તપાસ દરમ્યાન કબજે લીધેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ પંચનામાના પંચ સાહેદો એ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી તેમજ દોરી નુ એફ.એસ.એલ. ધ્વારા જે પરીક્ષણ કરવામાં આવેલ છે તે રીપોર્ટમાં તેના ઉપર કોઈ રુધીર ની હાજરી મળી આવેલ નથીસ ત્યારે તે દોરીનો ગુન્હા કામે ઉપયોગ થયેલો હોય અને ગુજરનાર ને તેના ધ્વારા ગળે ફાંસો આપી મોત નીપજાવેલ હોય તે હકીકત નિ:શંક માની શકાય તેમ નથી અને આમ, ફરીયાદ પક્ષના રેકર્ડ ઉપરના સમગ્ર સાહેદોના પુરાવા જોતા સદર કામે ગુજરનાર સુનીતાબેન નુ મોત નીપજેલ હોવાની હકીકતને સમર્થન મળે છે પરંતુ સદર મોત હાલના આરોપીઓ ધ્વારા ગુજરનાર નુ ગળુ દબાવી ને કે ગળે દોરી વડે ફાંસો આપીને નીપજાવેલ તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કરેલો નથી તેમજ સદર કામે તપાસ કરનાર અમલદાર સાહેદે પણ બનાવ નજરે જોનાર કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી કે ફરીયાદ પક્ષે તેવા કોઈ સાહેદને તપાસેલ નથી ત્યારે ફરીયાદ પક્ષના રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાથી આંક–૨૩ થી રજુ થયેલી ફરીયાદ હકીકત મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો હોવાની હકીકત ફરીયાદ પક્ષ રજુ કરેલા પુરાવાથી નિ:શંક પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલો હોય તેમ સ્પષ્ટ ફલીત થાય છે તે સંજોગોમાં આરોપી પક્ષ તે.મના વિરુધ્ધ ખોટી ફરીયાદ આપવામાં આવેલી છે તેવો બચાવ શકયતાઓની સંભાવનાના કારણે પુરવાર કરવામાં સફળ થયેલ હોઈ ઉપરોકત કરવામાં આવેલી ચર્ચા અન્વયે આરોપીઓને હાલના ગુન્હા સાથે સાંકળી દોષિત ઠરાવી શિક્ષા કરવી ન્યાયોચિત જણાતુ નથી **સબબ મુદ્દા નં.૧ નો જવા**બ '' **નકારમાં** '' આપી **મુદ્દા**

**નં.૨ અંગે** ન્યાયના વિશાળ હીતને લક્ષમાં લેતા **નીચે મુજબ નો આખરી હુકમ** પસાર કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

**(૧)** આ કામના આરોપીઓ (૧)ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક,(૨)સુમિત્રાબેન ઉદેસીંગભાઈ અભેસીંગભાઈ નાયક,(૩)હર્ષદભાઈ અશ્વીનભાઈ નાયક,તમામ રહે.કંજરીના ફળીયા ધનપુરી, તા.હાલોલ, જી.પંચમહાલ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૨૦૧,૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપમાંથી નિ:શંક પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ સમય માટે રુા.૧૦,૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

**(૩)** સદર કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા:૧૦ મી,માહે : ફેબ્રુઆરી, સને: ૨૦૨૩ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૨/૨૦૨૩
હાલોલ.

**(લીલાભાઈ ગોવિંદભાઈ ચુડાસમા)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
પંચમહાલ, મુ.હાલોલ.
(કોડ નં.જીજે ૦૦૫૫૯)

એન.એમ.વાળંદ
ગુજ.સ્ટેનો ગ્રેડ–૨,હાલોલ.